મહેસાણા, અમદાવાદ, ગાંધીનગર, સુરત, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લીમાં બહોળો ફેલાવો ધરાવતું એકમાત્ર નિષ્પક્ષ અખબાર

G NEWS ગરવી તાકાત LIVE

સત્ય એના પૂર્ણ સ્વરૂપમાં...

# ગરવી તાકાત

GARVI TAKAT DAILY દૈનિક

૦૧-૦૨-૨૦૨૫ શનિવાર

વર્ષ : ૧૦ ★ અંક નં : ૩૦૦

પેજ : ૪ ★ વિક્રમ સંવત : ૨૦૮૧

તંત્રી : પ્રકાશ આર.ચૌધરી

કાર્યાલય : ૯,અંબિકા કોમ્પ્લેક્ષ, ટી.બી. રોડ, ભમરિયાનાળા પાસે, મહેસાણા-૨ ● ફોન : ૦૨૭૬૨ ૨૪૨૨૦૧ ● મો : ૯૨૨૭૧ ૧૩૫૫૫ ● કિંમત રૂા.૩-૦૦ ● Email : garvitakat1511@gmail.com ● www : garvitakat.com •• RNI No. GUJGUJ/2015/61367

ગરવી તાકાત
હવે આંગળીના ટેરવે
તમારા ગામ કે શહેરના સમાચાર વાંચો એક આંગળીના ટેરવે
પ્લે સ્ટોરમાંથી ડાઉનલોડ કરો અને મેળવો તમારા ગામના કે શહેરના લેટેસ્ટ સમાચાર તથા ઈ-પેપર તમારા મોબાઈલમાં
Garvi Takat app

### વડનગર તાલુકાનું બાદરપુર ગામમાં અંદાજિત ૫૦૦૦ થી વધુ લોકો વસવાટ કરે છે

## મહેસાણા જિલ્લાના બાદરપુર ગામમાં ૨૫ વર્ષથી તમાકુના વેચાણ અને ખાવા પર પ્રતિબંધ:ગ્રામજનો ચૂસ્તોપણે પાલન કરી રહ્યા છે

(ગરવી તાકાત) મહેસાણા તા.૩૧

મહેસાણા જિલ્લાના વડનગર તાલુકાનું બાદરપુર ગામ આ ગામમાં અંદાજિત ૫૦૦૦ થી વધુ લોકો વસવાટ કરે છે. આ ગામમાં છેલ્લા ૨૫ વર્ષથી તમાકુનો ઉત્પાદન કરવું તમાકુનું વેચાણ અને તમાકુ ખાવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. બાદરપુર ગ્રામ પંચાયત દ્વારા ૨૦૦૧માં સરવાનું મતે ઠરાવ કરી ગામની અંદર તમાકુ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. જેનો આજે પણ ગ્રામજનો ચુસ્તપણે પાલન કરી રહ્યા છે.

આ ગામમાં તમાકુ પર પ્રતિબંધ મૂકવાનું મુખ્ય કારણ એ યુવા પેઢી વ્યસન તરફ ન મળે અને પોતાનું જીવન ખરાબ ન કરે અને આ પ્રતિબંધ મૂક્યા બાદ ગ્રામજનો અને દુકાનદારો સ્વયંભુ આ નિયમનું પાલન કરી રહ્યા છે. તમાકુ વેચાણ બંધ કર્યા બાદ ધંધા અને વ્યાપારમાં કોઈ જ નુકસાન ન થયું હોવાની વાત દુકાનદાર કરી રહ્યા છે અને આ ગામથી પ્રેરણા લઈ અન્ય ગામો પણ આ પ્રકારે તમાકુના ઉત્પાદન અને વેચાણ પર પ્રતિબંધ મૂકે તો આવનારી યુવાપેઢી તમાકુના વ્યસન તરફ નહીં મળે તેવું જણાવી રહ્યા છે.

બાદરપુર ગામમાં ૧૯૯૭ માં એવી કેટલીક દુઃખદ ઘટનાઓ બની હતી આ તમાકુના વ્યસનના કારણે બે લોકોએ જીવ ગુમાવ્યો હતો આ ઘટના બાદ પંચાયત દ્વારા ગ્રામસભા યોજી

**બાદરપુર ગામથી પ્રેરણા લઈ અન્ય ગામો પણ તમાકુના ઉત્પાદન વેચાણ અને ખાવા પર પ્રતિબંધ મૂકે તો આવનારી યુવા પેઢીને આપણે એક સ્વસ્થ જીવન આપી શકીએ અને આ જીવલેણ વ્યસનો થી દુર રાખી શકીએ તેમ કહીએ તો નવાઈ નહીં.**

તમાકુ પર પ્રતિબંધ લાવવાનો પ્રસ્તાવ મૂક્યો હતો. જેમાં ગ્રામજનોએ તેને આવકાર્યો હતો. ત્યારબાદ પંચાયતમાં સર્વાનુમતે ૨૦૦૧માં ઠરાવ કરી તમાકુના ઉત્પાદન વેચાણ અને તેના ખાવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. પ્રતિબંધ લાવ્યા ત્યારે પંચાયત દ્વારા તમામ દુકાનદારો પાસેથી રહેલ તમાકુ ના માલ ને ખરીદી કરી તેનો નાશ કરવામાં આવ્યો હતો. જેથી દુકાનદારોને પણ તે સમયે કોઈ નુકસાન ન જાય અને ગામ વચ્ચે તમાકુનો નાશ કરી લોકોને તમાકુ ન ખાવા અપીલ પણ કરાઈ હતી.

આજે પણ બાદરપુર ગામમાં કોઈપણ વ્યક્તિ તમાકુનું ઉત્પાદન નથી કરી રહ્યો કે નથી તેનું વેચાણ કરી રહ્યો પંચાયત દ્વારા જે તમાકુ પર પ્રતિબંધ લગાવવામાં આવ્યો તેનો કોઈપણ દંડ વગર હાલમાં ગ્રામજનો તેનું પાલન કરતાં જોવા મળી રહ્યા છે અને આ ગામમાં સહકારી અને સ્થાનિક આગેવાનોની વરણી પણ નિર્વ્યસની વ્યક્તિ હોય તેની જ કરવામાં આવે છે ગામનો એક નિયમ છે જે તમાકુનું વ્યસન નથી કરતો તેને જ પંચાયત અને તાલુકા પંચાયતમાં સભ્ય પદે રહી શકે છે.બાદરપુરના ગ્રામજનો છેલ્લા ૨૫ વર્ષથી તમાકુ પર પ્રતિબંધ મૂકી તેનું પાલન કરી તમાકુ વિહોણું ગામ બનાવી જાણ્યું છે અને અન્ય ગામોને પણ પ્રેરણા આપી રહ્યું છે. બાદરપુર ગામથી પ્રેરણા લઈ અન્ય ગામો પણ તમાકુના ઉત્પાદન વેચાણ અને ખાવા પર પ્રતિબંધ મૂકે તો આવનારી યુવા પેઢીને આપણે એક સ્વસ્થ જીવન આપી શકીએ અને આ જીવલેણ વ્યસનો થી દુર રાખી શકીએ તેમ કહીએ તો નવાઈ નહીં.




### મહેસાણા મહાનગરપાલિકા હવે વધુ સશક્ત વહીવટી સત્તા સાથે કાર્યરત થઈ છે

## મહેસાણાના સર્વાંગી વિકાસ માટે પ્રતિબંધ છે, સુરત જેવા વિકસિત શહેરનો લાભ વિકાસમાં ઉપયોગી બનશે

(ગરવી તાકાત) મહેસાણા તા.૩૧

મહેસાણા મહાનગરપાલિકા હવે વધુ સશક્ત વહીવટી સત્તા સાથે કાર્યરત થઈ છે. શહેરી વિકાસ અને નાગરિક સુવિધાઓના સંચાલન માટે મહેસાણા મનપાના કમિશનર અને બે ડેપ્યુટી કમિશનર સહિત ૧૮ અધિકારીઓની ટીમે સુરત મહાનગરપાલિકાની બે દિવસની મુલાકાત લીધી છે.




આ મુલાકાત દરમિયાન ટીમ શહેરી વિકાસના વિવિધ પાસાઓનો અભ્યાસ કરશે, જેમાં સેનિટેશન, ડ્રેનેજ સિસ્ટમ, પાણી વિતરણ વ્યવસ્થા, કર વસૂલાત અને વિકાસ કાર્યોનો સમાવેશ થાય છે. મહેસાણા મનપાના અધિકારીઓ સુરત મહાનગરપાલિકાની કાર્યપ્રણાલી અને વિવિધ પ્રોજેક્ટ્સનો પ્રત્યક્ષ અનુભવ મેળવશે.

મહેસાણા મહાનગરપાલિકા હાલમાં વહીવટી શાસન હેઠળ કાર્યરત છે અને શહેરના સર્વાંગી વિકાસ માટે પ્રતિબદ્ધ છે. આ તાલીમ કાર્યક્રમ દ્વારા અધિકારીઓ વધુ કુશળતાથી તેમની ફરજો નિભાવી શકશે અને શહેરી સેવાઓની ગુણવત્તા સુધારવામાં મદદરૂપ થશે. સુરત જેવા વિકસિત શહેરના અનુભવનો લાભ મહેસાણાના શહેરી વિકાસમાં ઉપયોગી થશે.

### સરકારી સેવાઓને વધુ કાર્યક્ષમ અને પારદર્શક બનાવી લોકોને સરળતાથી લાભ મળે એ માટેની યોજના બનાવી

## રાજ્ય સરકાર દ્વારા ૧૦ને બદલે હવે ૬૭ જેટલા મહેસૂલ અને સામાજિક ન્યાય અધિકારીતાના પ્રમાણત્રો ગ્રા.પં.માંથી મળે એવી વ્યવસ્થા ગોઠવી

(ગરવી તાકાત) મહેસાણા તા.૩૧

રાજ્ય સરકાર ગ્રામપંચાયતોમાંથી અત્યારસુધી મળતાં ૧૦ જેટલાં સર્ટિફિકેટ અને કામગીરી ગ્રામજનોને ગામડાંમાં જ ઘેરબેઠાં ગ્રામપંચાયત ઓફિસમાંથી મળે એવી વ્યવસ્થા કરવામાં આવી છે. આ માટે ઈ-ગ્રામ સેવા મારફત વીસીઈ દ્વારા જ ૧૦ને બદલે હવે ૬૭ જેટલાં મહેસૂલ અને સામાજિક ન્યાય અધિકારિતા વિભાગનાં પ્રમાણપત્રો મળી રહે એવી વ્યવસ્થા કરવામાં આવી છે. આ માટે નાગરિકોએ ઈ-ગ્રામપંચાયત મારફત ફોર્મ ભરવાનું રહેશે અને પછી આ ફોર્મ જે-તે તાલુકાકક્ષાના અધિકારીઓને સબ્મિટ થશે અને પછી તેમની સહી થઈને પરત આવતાં નાગરિકોને આ પ્રમાણપત્ર મળશે.

ગ્રામપંચાયતોમાંથી સહેલાઈથી આવકના દાખલા સહિતનાં પ્રમાણપત્રો મળી રહે એ માટે રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૦૭-૦૮થી ઈ-ગ્રામ વિશ્વગ્રામ યોજના અમલમાં મૂકવામાં આવી છે. આ યોજના મારફત ગ્રામપંચાયતોમાં વીસીઈ-વિલેજ કોમ્પ્યુટર એન્ટરપ્રિન્યોર મારફત ઈ-ગ્રામ સેવા પૂરી પાડવામાં આવે છે, જેમાં દરેક પ્રમાણપત્રદીઠ વીસીઈને કમિશન આપવામાં આવે છે અને એના બદલામાં તેઓ ગ્રામજનોને સર્ટિફિકેટ કાઢી આપે છે.

સરકારે હવે મહેસૂલ વિભાગની ૫૪ અને સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગની ૧૩ મળીને કુલ ૬૭ સેવા આપવાનો નિર્ણય લીધો છે. અત્યારસુધી સાત-બારનો દાખલો,ગામનો નમૂનો, આવકનો દાખલો, રેશનિંગ કાર્ડ, રેશનિંગ કાર્ડમાં નામ કઢાવવું કે દાખલ કરવું, સિનિયર સિટિઝનનું પ્રમાણપત્ર, વિધવા સહાય પ્રમાણપત્ર સહિતનાં પ્રમાણપત્રો કાઢવામાં આવતાં હતાં.હવે મહેસૂલ વિભાગના વારસાઈ, સોલ્વન્સી, અધિનિવાસી, દારૂખાના વેચાણ માટેનો હંગામી પરવાનો, ચારિત્ર પ્રમાણપત્ર, લેન્ડ રેવન્યુ કોડની કલમ-૭૩એએ હેઠળની મંજૂરી, સરકારી ખાતાની જમીનની માગણી, દારૂખાના વેચાણ-સંગ્રહ કરવાનો પરવાનો, સ્ટેમ્પ વેન્ડર પરવાનો રિન્યૂ કરવો, લેન્ડ રેવન્યુ કોડની કલમ ૬૫ હેઠળની મંજૂરી બાબત(બિનખેતી), રાહતદરે ફાળવેલા પ્લોટ ઉપર બાંધકામની મુદત વધારવાની માગણી, ખેતીના હેતુ માટે જમીન એકત્ર કરવાની મંજૂરી, નામફેર કરવા,એક્સપ્લોઝિવ નિયમો હેઠળ સ્ટોરેજ લાઈસન્સ આપવું સહિતના રેવન્યુ વિભાગના ૫૪ પ્રકારનાં પ્રમાણપત્ર અને મંજૂરી મેળવી શકાશે, સાથે જ સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગનું પ્રમાણપત્ર, નો-ક્રીમીલેયર અંગેનું ગુજરાત સરકાર માટેનું પ્રમાણપત્ર, આર્થિક રીતે નબળા વર્ગો માટે પાત્રતા પ્રમાણપત્ર, અન્ય પછાતવર્ગનું જાતિ અંગેનું નોન-ક્રીમીલેયર પ્રમાણપત્ર(ભારત સરકારનું), જ્ઞાતિનો દાખલો, ભારત સરકારનું આવક અને અસ્કયામતો માટેનું પ્રમાણપત્ર, ભારત સરકારનો જ્ઞાતિ(એસસી)નો દાખલો આપવો, નિરાધાર વૃદ્ધો અને નિરાધાર અપંગોના નિભાવ માટેની યોજના, ઈન્દિરા ગાંધી નેશનલ ઓલ્ડ એજ પેન્શન યોજના અને વયવંદના યોજના, રાષ્ટ્રીય કુટુંબ યોજના, અંત્યેષ્ઠિ સહાયનાં પ્રમાણપત્રો ગ્રામપંચાયતમાંથી મળશે.

### સ્થાનિક સ્વરાજની ચૂંટણી માટે ભાજપે કડીના ઉમેદવારોની કરી જાહેરાત

## કડી તા. પં.ની બે બેઠકની પેટા ચૂંટણી માટે ભાજપાએ મંજૂલાબેન પટેલ તથા જુલેખા સિપાઈની પસંદગી કરી

(ગરવી તાકાત) કડી તા.૩૧

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી - ૨૦૨૫ અંતર્ગત જિલ્લાની નગરપાલિકાઓ, જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની પેટાચૂંટણી માટે ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારોની યાદી જાહેર કરાઈ છે.જેમાં કડી તાલુકા પંચાયતની પેટા ચુંટણી માટે અગોલ અને નાની કડીના ભાજપે બે મહીલા ઉમેદવાર જાહેર થયા છે.







ગુજરાત રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીની જાહેરાત થઈ ચૂકી છે. ત્યારે રાજ્યની મહાનગરપાલિકા, નગરપાલિકા, જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતોની સમાન્ય/ મધ્યસત્ર/ પેટા ચૂંટણીનું મતદાન ૧૬ ફેબ્રુઆરીના દિવસે યોજાશે. રવિવારે સવારે ૭ વાગ્યાથી સાંજના ૬ વાગ્યા સુધી મતદાન યોજાશે. જેમાં ભાજપ દ્વારા વિવિધ જિલ્લાના ઉમેદવારોની યાદી જાહેર કરવામાં આવી છે.

ગુજરાત ભાજપના પ્રદેશ અધ્યક્ષ સી. આર પાટીલની સૂચના મુજબ આ યાદી જાહેર કરી ઉમેદવારોને અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

સ્થાનિક સ્વરાજની પેટા ચૂંટણી માટે કડીની બે સીટ ઉપર જ્યાં ચૂંટણી યોજાવાની છે તેને લઈને ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર જાહેર કરવામાં આવ્યા છે. જેમાં કડીના નાની કડી વિસ્તારમાં મંજુલાબેન ગોવિંદભાઈ પટેલ તથા અગોલના જુલેખા ઈદ્રીશભાઈ સિપાઈ ને જાહેર કરવામાં આવ્યાં છે. આજે સવારે મામલતદાર કચેરી ખાતે પાર્ટીના કાર્યકર્તા સાથે તેમના ઉમેદવારી ફોર્મ ભરશે. જેમાં બન્ને કડી તાલુકાના પેટા ચૂંટણીના ઉમેદવાર જાહેર થતાં કડી ભારતીય જનતા પાર્ટી ના કાર્યકર્તાઓ દ્વારા અભિનંદન પાઠવ્યા હતા.

### વિદ્યાર્થીઓમાં પર્યાવરણ જાગૃતિની સાથે સાથે સ્વચ્છતા પ્રત્યે પણ સજાગતા વધી છે

## લાખવડ પગાર કેન્દ્ર શાળાના બાળકોએ શાળા પરિસરને 'પ્લાસ્ટિક મુકત' બનાવવાનું મહત્વપૂર્ણ પગલું ભર્યુ



(ગરવી તાકાત) મહેસાણા તા.૩૧

લાખવડ પગાર કેન્દ્ર શાળામાં શહીદ દિન અને મહાત્મા ગાંધી નિર્વાણ દિન વિદ્યાર્થીઓએ 'પ્લાસ્ટિક હટાવો અભિયાન'માં સક્રિય ભાગ લઈને શાળા પરિસરને પ્લાસ્ટિક મુક્ત બનાવવાની દિશામાં મહત્વપૂર્ણ પગલું ભર્યું છે. આ અભિયાન અંતર્ગત વિદ્યાર્થીઓએ શાળા પરિસરમાંથી તમામ પ્લાસ્ટિકનો કચરો એકત્રિત કરીને તેને લીલી કચરાપેટીમાં નિકાલ કર્યો હતો.

વિશેષ રૂપે, વિદ્યાર્થીઓએ ભવિષ્યમાં પણ શાળા પરિસરને પ્લાસ્ટિક મુક્ત રાખવા માટે સંકલ્પ લીધો છે. તેઓ નિયમિતપણે શાળામાં જોવા મળતા પ્લાસ્ટિકને એકત્રિત કરી યોગ્ય રીતે તેનો નિકાલ કરશે.

આ પહેલથી વિદ્યાર્થીઓમાં પર્યાવરણ જાગૃતિની સાથે સાથે સ્વચ્છતા પ્રત્યે પણ સજાગતા વધી છે. શાળાના આ અભિયાનથી 'સ્વચ્છતા કી ઓર એક કદમ' ની દિશામાં નોંધપાત્ર પ્રગતિ થઈ છે, જે આવનારા સમય માટે એક પ્રેરણાદાયી ઉદાહરણ બની રહેશે.

### મહેસાણાના ધોળાસણ પ્રાથમિક શાળાનો વિદાય સમારંભ યોજાયો

## શાળા પરિવારજનો, ગ્રામજનો અને શિક્ષકમિત્રોએ આચાર્ય જયપ્રકાશ સથવારાનું બેન્ડવાજાની સાથે કરાયેલ સ્વાગત

(ગરવી તાકાત) મહેસાણા તા.૩૧

ધોળાસણ પ્રાથમિક શાળામાં આચાર્ય જયપ્રકાશ રમણભાઈ સથવારાની છઠીયારડા પ્રાથમિક કુમાર શાળામાં બદલી થતાં ભવ્ય વિદાય સમારંભનું આયોજન કરવામાં આવ્યું.

શાળા પરિવાર, ગ્રામજનો અને પે સેન્ટરના શિક્ષકમિત્રોએ આચાર્યશ્રી અને તેમના પત્ની તોરલ સથવારાનું બેન્ડવાજા સાથે ભવ્ય સ્વાગત કર્યું.

કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી થઈ, જેમાં શિક્ષકો અને વિદ્યાર્થીઓએ આચાર્યશ્રીના યોગદાન વિશે ભાવપ્રેરક સંસ્મરણો વહેંચ્યા. આચાર્યનું શ્રીફળ, શાલ, સન્માનપત્ર અને ગણેશજી-લક્ષ્મીજીની ગોલ્ડન પ્રતિમા દ્વારા સન્માન કરવામાં આવ્યું. સ્કાઉટની ટીમે બેન્ડવાજા સાથે સેલ્યુટ આપી સન્માનપત્ર અર્પણ કર્યું.



સમારંભમાં પૂર્વ તાલુકા પ્રમુખ ભોગીલાલ પટેલ, પૂર્વ સરપંચ મુકેશભાઈ સહિત ગામના અગ્રણીઓ, CRC કો-ઓર્ડિનેટર અલ્પાબેન સથવારા અને પે સેન્ટરના શિક્ષકમિત્રોએ હાજરી આપી. વિદાય લેતા આચાર્ય જયપ્રકાશ સથવારા ભાવવિભોર થઈ ગયા અને તેમનું વિદાય વક્તવ્ય ચિરાગભાઈએ વાંચ્યું, જેણે સભામાં ઉપસ્થિત સૌની આંખો ભીની કરી દીધી.

કાર્યક્રમમાં નવનિયુક્ત આચાર્ય દિલીપ પટેલનો પણ સત્કાર કરવામાં આવ્યો, જેમણે શાળાના અધૂરા કાર્યો પૂર્ણ કરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી. કાર્યક્રમના અંતે જયપ્રકાશ સથવારા તરફથી સ્વરુચિ ભોજનનું આયોજન કરવામાં આવ્યું હતું.




# ગૌરવશાળી ઈતિહાસ જ ભારતની મૂડી

ઈતિહાસ લેખનની વિસંગતિઓ વિશે કેટલાય મંચો પર, કેટલાય મહાનુભાવો દ્વારા ઘણું કહેવાઈ ચૂક્યું છે. ખોટી રીતે ભણાવાતા ઈતિહાસને બદલવાની જરૂરિયાત રેખાંકિત તેઓ કરી ચૂક્યા છે. કેન્દ્ર સરકાર પણ એ દિશામાં આગળ વધતી પ્રતીત થાય છે, જે સારી વાત છે. વાસ્તવમાં ભારતનો ગૌરવશાળી ઈતિહાસ અને શિક્ષણ તેની સૌથી મોટી સંપત્તિ છે. આપણું દાયિત્વ માત્ર દેશના ગૌરવની રક્ષા કરવાનું જ નહીં, પરંતુ વિશ્વને તેનાં મૂલ્યોથી પ્રેરિત કરવાનું પણ છે. તેથી ઈતિહાસકારોએ જ્ઞાનવર્ધક અને વૈજ્ઞાનિક સામગ્રી તૈયાર કરવી જોઈએ, જેનાથી ભારતની પ્રાચીન સંસ્કૃતિ અને સભ્યતાને એક નવું વૈશ્વિક પરિપ્રે-ય આપી શકાય. આગામી ૨૫ વર્ષ ભારત માટે મહત્ત્વપૂર્ણ છે. ૨૦૪૭માં ભારત પોતાની આઝાદીનાં ૧૦૦ વર્ષ પૂર્ણ કરશે. એવી સ્થિતિમાં એક ગૌરવાન્વિત રાષ્ટ્ર માટે સમ્યક ઈતિહાસ બોધ અનિવાર્ય છે. ભારત બોધ માટે એવું ઈતિહાસ લેખન અનિવાર્ય છે, જે ભારત કેન્દ્રિત અધ્યયનને ઉત્તેજન આપે, પ્રમાણ વગર કશું જ ન લખે, ભારતના ગૌરવ બોધને ઉત્તેજન આપે અને રાષ્ટ્રનો આત્મવિશ્વાસ વધારીને તેને વૈશ્વિક શક્તિ બનાવવામાં યોગદાન આપે.

દાર્શનિક ફ્રાન્સિસ બેકન અનુસાર સત્ય સત્તાની નહીં, કાળની પુત્રી છે, કારણ કે સત્યને પ્રમાણની જરૂર નથી હોતી. સત્ય અનુકૂળ સમય પર સ્વયં પ્રમાણિત થાય છે. યુરોપમાં પુનર્જાગરણ કાળમાં દાર્શનિકોએ કુતર્ક-અંધવિશ્વાસને પડકાર આપ્યો અને સફળતાપૂર્વક સત્યને સ્થાપિત કર્યું. ભારતના સંદર્ભે પણ લાંબા સમય સુધી ઉપનિવેશિક ઈતિહાસકારોએ પોતાના કુત્સિત ઉદ્દેશ્યોને પૂરા કરવા માટે ઈતિહાસને હથિયાર રૂપે ઉપયોગ કર્યો અને ભારતને પરાજિત, દીન-હીન અને કમજોર દેશ રૂપે ચિત્રિત કર્યો.

થોમસ બેબિંગ્ટનને ભારતમાં અંગ્રેજી શિક્ષણના જનક માનવામાં આવે છે, જેમને લોર્ડ મેકોલે પણ કહેવામાં આવે છે. મેકોલેએ ૨ ફેબ્રુઆરી, ૧૮૩૫ના રોજ પોતાનો પ્રસિદ્ઘ સ્મરણ પત્ર રજૂ કર્યો. વિલિયમ બેન્ટિકે તેને સ્વીકાર કરતાં અંગ્રેજી શિક્ષણ અધિનિયમ, ૧૮૩૫ પસાર કર્યો. તેણે ભારતમાં આધુનિક બ્રિટિશ શિક્ષણનો પાયો નાખ્યો. મેકોલેની શિક્ષણ નીતિ અંતર્ગત ભારતના ઉચ્ચ તથા મધ્યમ વર્ગના એક નાનકડા વર્ગને શિક્ષિત કરવો હતો, જેનાથી એક એવો વર્ગ તૈયાર થઈ શકે જે રંગેરૂપે ભારતીય હોય, પરંતુ વિચારો અને નૈતિકતામાં બ્રિટિશ હોય. આ વર્ગ સરકાર અને આમ જનતા વચ્ચે એક કડી રૂપે કાર્ય કરે અને ભારતમાં અંગ્રેજી શાસનની કાયદેસરતાને પ્રોત્સાહન આપે. તેનો મુખ્ય ઉદ્દેશ્ય ભારતીય સભ્યતા અને સંસ્કૃતિને તિરસ્કૃત દૃષ્ટિથી જોવી અને ભારતીયોમાં હીન ભાવના વ્યાપ્ત કરવાનો હતો, જેનાથી ભારતીય આસાનીથી બ્રિટિશ શાસનને સ્વીકાર કરી લે.

રૂડયાર્ડ કિપલીંગ (હા, એ જ, 'જંગલબુક' લખનારા લેખક!) દ્વારા લખવામાં આવેલી કવિતા 'શ્વેત વ્યક્તિ પર ભાર' પણ એ જ ક્રમમાં પ્રસ્તુત કરવામાં આવી હતી, જેમાં કહેવાયું છે કે ગોરા લોકો પર કાળા, અસભ્ય અને બર્બર લોકોને આધુનિક સભ્યતાથી પરિચિત કરાવવાની દૈવીય જવાબદારી છે! જેમ્સ મિલ, એલફિંસ્ટન, જહોન બ્રાઈટ, જહોન સ્ટ્રેચી જેવા ઉપનિવેશિક માનસિકતા ધરાવતા ઈતિહાસકારોએ પશ્ચિમી દૃષ્ટિકોણથી ભારતીય ઈતિહાસને પ્રસ્તુત કરીને ભારતના શ્રેષ્ઠ ઈતિહાસને ખંડિત કરવાનો પ્રયાસ કર્યો. તેને સ્વામી વિવેકાનંદે છદ્મવેશી ઐતિહાસિક પ્રચાર કહ્યો. આઝાદી બાદ મેકોલેની શિક્ષણ નીતિને ચાલુ રાખવામાં આવી. તેનું પરિણામ બહુ દુઃખદાયક રહ્યું. આજે આપણી શિક્ષણ સંસ્થાઓ વૈશ્વિક સ્તર પર પોતાની પ્રભાવશાળી હાજરી નથી નોંધાવી શકતી. દુનિયાની સર્વોચ્ચ યુનિવર્સિટીઓમાં આપણી કોઈ યુનિવર્સિટીનું નામ નથી, જ્યારે આપણા દેશમાં નાલંદા, વિક્રમશિલા અને તક્ષશિલા જેવી મહાન યુનિવર્સિટીઓની બૌદ્ઘિક પરંપરા રહી છે. વિદેશી શિક્ષણ પદ્ઘતિને અપનાવવાનું પરિણામ છે કે આપણી યુવા પેઢી આપણા દેશનાં મૂળિયાં સાથે નથી જોડાઈ શકતી. યુવા આત્મકેન્દ્રિત થઈ રહ્યા છે, જેનાથી તેઓ પોતાના રાષ્ટ્રીય, સામાજિક અને પારિવારિક દાયિત્વોની ઉપેક્ષા કરી રહ્યા છે.

**તંત્રી : પ્રકાશ ચૌધરી**

## તસ્કરો સાવધાન, હવે પોલીસનો ડ્રોન તમારો પીછો કરશે!

# દેશમાં ગુજરાતમાં પહેલી વારઃ દાહોદ પોલીસે ડ્રોનની મદદથી ભાગતા ચોરને પકડી પાડયો!

(ગરવી તાકાત) ગાંધીનગર તા.૩૧

રાજયનું પોલીસ તંત્ર હવે સ્માર્ટ અને ડિઝીટલ બન્યું છે, સીસીટીવી કેમેરાની મદદથી અનેક ગુના ઉકેલે છે હવે એવી આગળ વધીને પોલીસે ડ્રોન ટેકનોલોજીની મદદથી ભાગતા ચોરને પકડી લીધો હતો.આ પ્રકારની દેશમાં પ્રથમ ઘટના છે.પોલીસના આ પરાક્રમથી ખુશ થઈ ડીજીપીએ પણ પોલીસની પીઠ થાબડી છે. ગુજરાત પોલીસ સર્વેલન્સ અને ગુના સામે લડવા માટે ડ્રોન ટેકનોલોજીનો ઉપયોગ કરી રહી છે.



આવા જ એક તાજેતરના કેસમાં, દાહોદ પોલીસે લાઈવ ડ્રોન ફૂટેજનો ઉપયોગ કરીને ખેતરમાંથી આંતરરાજ્ય ચોરી કરતી ગેંગના સભ્યને પકડ્યો હતો. ગુજરાત અને રાજસ્થાનના અનેક મંદિરો અને જૈન મંદિરોમાં ચોરીના બનાવોમાં સંડોવાયેલા શકમંદ રાજેશ ઉર્ફે રાજી લાલા ભાભોરના ઠેકાણા અંગે મળેલી માહિતીના આધારે પોલીસે તેના રહેણાંક વિસ્તારમાં સર્વેલન્સ ઓપરેશન હાથ ધર્યું હતું. જેમ જ આરોપીને ખબર પડી કે પોલીસ તેની નજીક આવી રહી છે, તેણે ભાગવાનો પ્રયાસ કર્યો,પરંતુ પોલીસે ડ્રોનની મદદથી તેનો પીછો કરીને તેને પકડી લીધો.પૂછપરછ દરમિયાન પોલીસને અન્ય એક શકમંદ દિલીપ મણીલાલ સોની મળી આવ્યો હતો, જેણે વડોદરા, ગાંધીનગર અને પંચમહાલ સહિત અનેક જગ્યાએ ચોરીના બનાવોને અંજામ આપ્યો હતો. પોલીસે બંને શકમંદો પાસેથી રૂ.૭ લાખથી વધુની કિંમતના ચાંદીના દાગીના અને એક મોટરસાઈકલ કબજે કરી તેમના સાગરિતોની ધરપકડ કરવાની કાર્યવાહી શરૂ કરી છે.ઓપરેશનમાં ટેકનોલોજીના ઉપયોગની પ્રશંસા કરતાં ગુજરાતના ડીજીપી વિકાસ સહાયે જણાવ્યું હતું કે, ગુજરાત પોલીસ ટેકનોલોજી આધારિત પોલીસિંગના ખ્યાલ સાથે સંકળાયેલી છે. દાહોદ પોલીસ દ્વારા ડ્રોનથી લાઈવ ફૂટેજની મદદથી મંદિરમાં થયેલી ચોરીના આરોપીની ધરપકડ તેનું મોટું ઉદાહરણ છે.દાહોદ પોલીસે ખૂબ જ સારું કામ કર્યું.

## ડ્યૂટી ચોરી-હવાલાના આરોપ સાબિત થતાં જંગી દંડ પણ ફટકારાયો

# અમેરિકામાં જ્વેલરીનો બિઝનેસ કરતા ગુજરાતી યુવકનુ કૌભાંડઃ કોર્ટે અઢી વર્ષની સજા ફટકારી

(ગરવી તાકાત) અમદાવા તા.૩૧

મૂળ મુંબઈના અને ન્યૂજર્સીના જર્સી સિટીમાં રહેતાં મોનીષ દોશી નામના એક ગુજરાતીને મલ્ટિમિલિયન ડોલર્સના કૌભાંડમાં કોર્ટ દ્વારા ૩૦ મહિનાની જેલની સજા ફટકારવામાં આવી છે. હોમલેન્ડ સિક્યોરિટી ઈન્વેસ્ટિગેશન્સના જણાવ્યા અનુસાર આરોપી મોનીષ દોશી શાહ ન્યૂયોર્કના ડાયમંડ ડિસ્ટ્રિક્ટમાં જ્વેલરી કંપની ચલાવતો હતો.



જેણે યુએસમાં ઈમ્પોર્ટ કરેલી ૧૩.૫ મિલિયન ડોલરની જ્વેલરી પર કસ્ટમ ડ્યૂટી નહોતી ભરી તેમજ અમરિકાથી ૧૦.૩ મિલિયન ડોલર જેટલી જંગી રકમનો ગેરકાયદે રીતે હવાલો પણ કરી નાખ્યો હતો.

મોનીષે અગાઉ યુએસ ડિસ્ટ્રિક્ટ કોર્ટ ફોર ધી ડિસ્ટ્રિક્ટ ઓફ ન્યૂજર્સીમાં પોતાના પર લાગેલા વાયર ફ્રોડ ષડયંત્ર રચવાના તેમજ ગેરકાયદે હવાલા કરવાના આરોપોને કબૂલી લીધા હતા. મોનીષે આ કાંડ ડિસેમ્બર ૨૦૧૯થી એપ્રિલ ૨૦૨૨ના ગાળામાં આચર્યું હતું, જેમાં તેણે પોતાની સાઉથ કોરિયા સ્થિત કંપનીનો પણ ઉપયોગ કર્યો હતો.

ભેજાબાજ મોનીષ દોશી ઈન્ડિયા અથવા તુર્કીથી કધસાઈન્મેન્ટ્સને સાઉથ કોરિયા મોકલાવતો હતો અને ત્યાંથી તેમની ડિલિવરી અમેરિકામાં કરાવતો હતો. જો તે તુર્કી અથવા ઈન્ડિયાથી સીધો અમેરિકા માલ મગાવે તો તેને ૫.૫ ટકા ડ્યૂટી ભરવી પડે તેમ હતી, જેનાથી બચવા માટે તે વાયા સાઉથ કોરિયાથી જ્વેલરી અમેરિકા મગાવતો હતો.

મોનીષ દોશી અને તેની સાથે આ કાંડમાં સામેલ લોકો ઈન્ડિયા અથવા તુર્કીથી સાઉથ કોરિયા પહોંચેલી જ્વેલરી આઈટમ્સના લેબલ બદલી નાખીને તે કોરિયાથી જ આવી હોવાના સ્ટીકર લગાડી દેતા હતા અને ત્યારબાદ આ કધસાઈન્મેન્ટ અમેરિકામાં રહેતા મોનીષ દોશી કે પછી તેના કસ્ટમર્સને મોકલી દેવામાં આવતા હતા. આ જ્વેલરીને મોનીષની સાઉથ કોરિયા સ્થિત કંપનીએ ઈન્ડિયા કે પછી તુર્કીથી ઓર્ડર કરી છે તેવું પ્રસ્થાપિત કરવા માટે તે પાછો પોતાના કસ્ટમર્સને ફેક ઈનવોઈસ અથવા પેકિંગ લિસ્ટ આપતો હતો.

આ કૌભાંડમાં પોતાનો ગુનો કબૂલ કરી લીધા બાદ અઢી વર્ષની જેલની સજા પામનારા મોનીષ દોશીએ અમેરિકન સરકારને ડ્યૂટીના ભરીને અમેરિકન સરકારને જે નુકસાન પહોંચાડ્યું છે તેની પણ તેને આકરી કિંમત ચૂકવવી પડશે. કોર્ટે તેને વાયર ફ્રોડના મામલામાં ૭.૪૨ લાખ જ્યારે હવાલા રેકેટમાં ૧૧.૧ મિલિયન ડોલર સરકારને ચૂકવવા માટે આદેશ કર્યો છે. આ સિવાય અઢી વર્ષની સજા પૂરી થયા બાદ પણ તેને બે વર્ષ સુધી સુપરવિઝનમાં રાખવામાં આવશે અને તેની એકેએક ગતિવિધિ પર સરકારની નજર રહેશે.

## સ્ટેટ મોનીટરીંગ સેલને પોલીસ સ્ટેશનનો દરજ્જો મળ્યો

# રાજ્ય પોલીસ વડા વિકાસ સહાયના હસ્તે ઉદ્દઘાટન, નવા પોલીસ સ્ટેશનમાં ગુજસીટોક હેઠળ પ્રથમ ગુનો દાખલ

(ગરવી તાકાત) ગાંધીનગર તા.૩૧

ગુજરાત પોલીસે આજે એક મહત્વપૂર્ણ પગલું ભરતા સ્ટેટ મોનીટરીંગ સેલને પોલીસ સ્ટેશનનો દરજ્જો આપ્યો છે. રાજ્ય પોલીસ વડા વિકાસ સહાયના હસ્તે ગાંધીનગર સ્થિત પોલીસ ભવન ખાતે આ નવા પોલીસ સ્ટેશનનું ઉદ્દ્ઘાટન કરવામાં આવ્યું.



આ નવા પોલીસ સ્ટેશનમાં પ્રથમ ગુનો ગુજસીટોક (ગુજરાત આંતકવાદ અને સંગઠિત ગુના નિયંત્રણ અધિનિયમ) હેઠળ નોંધાયો છે. આશીષ ઉર્ફે આસુ અગ્રવાલ અને વિનોદ ઉર્ફે વિજય સિંધી ઉદવાણી સહિત ૧૦ આરોપીઓ વિરુદ્ઘ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. આ ગેંગ બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર અને અમદાવાદ જિલ્લાઓમાં સક્રિય હતી.

નાયબ પોલીસ મહાનિરીક્ષક નિર્લિપ્ત રાય અને નાયબ પોલીસ અધિક્ષક કે.ટી.કામરીયાના માર્ગદર્શન હેઠળ તપાસમાં બહાર આવ્યું કે આ ગેંગ વિદેશી દારૂની ગેરકાયદે હેરાફેરી કરતી હતી. આરોપીઓ ખોટા વાહન નંબર, એન્જિન-ચેસિસ નંબર અને બનાવટી ટ્રાન્સપોર્ટ દસ્તાવેજોનો ઉપયોગ કરતા હતા.

પોલીસ તપાસમાં ચોંકાવનારી વિગત એ બહાર આવી છે કે આ ગેંગના સભ્યો વિરુદ્ઘ અગાઉ ૫૦૦થી વધુ ગુનાઓ નોંધાયેલા છે. સ્ટેટ મોનીટરીંગ સેલના નવા પોલીસ સ્ટેશનમાં આ પ્રથમ ગુનાની નોંધણી સાથે જ ગુજરાત પોલીસે સંગઠિત ગુનાખોરી સામે કડક કાર્યવાહીનો પ્રારંભ કર્યો છે.

# હિલવૂડ સ્કૂલ પાસે ટ્રકની ટક્કરે વૃદ્ધનું મોત, ગ-૫ સર્કલ પર દીકરીની નજર સામે જ માતાનું મોત

(ગરવી તાકાત) ગાંધીનગર તા.૩૧

ગાંધીનગરમાં બેફામ ગતિએ દોડતી ટ્રકોએ એક જ દિવસમાં બે નિર્દોષ જીવ લીધા છે. સેક્ટર-૨૫ હિલવૂડ સ્કૂલ પાસે ગુરુવારે બપોરે ૧:૩૭ કલાકે એક ટ્રક (ય્ત્ન૧૮ર્સ્૨૭૫૬)એ એક્ટિવાને ટક્કર મારતાં કનુભાઈ રાવલનું તેમની ૧૧ વર્ષીય પૌત્રી નવ્યાની નજર સામે મોત નિપજ્યું હતું.કનુભાઈ રોજની જેમ તેમની પૌત્રીને સ્કૂલેથી લેવા ગયા હતા, ત્યારે બેદરકારીથી હંકારવામાં




આવેલી ટ્રકે તેમના એક્ટિવાને ટક્કર મારી હતી. અકસ્માત સર્જ્યા બાદ ટ્રક ચાલક વાહન મૂકીને ફરાર થઈ ગયો હતો. ગંભીર ઈજાગ્રસ્ત કનુભાઈને સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા.

આ જ દિવસે ગ-૫ સર્કલ પાસે પણ એક અન્ય ટ્રકે એક્ટિવાને ટક્કર મારતાં ચાંદખેડાના તરુણાબેન પ્રજાપતિનું તેમની દીકરી રુચિતાની સામે જ કરુણ મોત નિપજ્યું હતું. ૨૪ કલાકમાં બનેલી બે ગંભીર ઘટનાઓમાં પરિવારજનોની હાજરીમાં જ મોત થતાં શહેરમાં ભારે શોકની લાગણી છવાઈ ગઈ છે. સેક્ટર-૨૧ પોલીસે બંને ઘટનાઓમાં ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. શહેરમાં વારંવાર બનતા આવા અકસ્માતોને કારણે બેફામ ગતિએ દોડતી ટ્રકો સામે કડક કાર્યવાહી કરવાની માંગ ઊઠી છે.

## ગ્રહોનો રાઝ આપની આજ




**મેષ (અ,લ,ઇ) :** નવી યોજનાની શરૂઆત થશે. કુટુંબની સાથે મનોરંજનનો અવસર. સ્વયંના પ્રયાસોથી જ સામાજિક સન્માન મેળવી શકશો.

**વૃષભ (બ,વ,ઉ) :** વ્યાપાર સારો ચાલશે.સાહસનો લાભ મળશે. સામાજિક કાર્યોમાં આપનો સક્રિય સહયોગ રહેશે.સંતાનના આરોગ્ય સંબંધી ચિંતા દુર થશે.

**મીથુન (ક,છ,ઘ) :** આર્થિક સંતોષ રહેશે કામની ગતિ અનુકૂળ રહેશે. પરસ્પર સંબંધોને મહત્ત્વ આપવું, સંતાનના કાર્યોથી સમાજમાં તમારી પ્રતિષ્ઠા વધશે.

**કર્ક (ડ,હ) :** વ્યાપારમાં મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. આરોગ્યની ચિંતા રહેશે કાર્યોને સમય પર પૂર્ણ કરવાનો પ્રયત્ન કરવો ,યાત્રા થઇ શકે છે.

**સિંહ (મ,ટ) :** પ્રયત્ન જરૂરી છે કાર્યની ગતિ ઉત્તમ રહેશે.ધન સંપત્તિના મામલા ઉકેલાશે.સંતો સાથે મુલાકાત થશે કુટુંબમાં માંગલિક કાર્યોની ચર્ચા થશે.

**કન્યા (પ,ઠ,ણ) :** વાહન ધ્યાનથી ચલાવવું, માતૃપક્ષ તરફથી આર્થિક ક્ષેત્રમાં મદદ થાય. રોકાણ વગેરેથી બચવું.

**તુલા (ર,ત) :** સંતાનના આરોગ્યમાં કમીનો યોગ બનશે. ભાગ્યવાદી વૃત્તિને કારણે સફળતા મળવામાં મુશ્કેલી આવી શકશે.

**વૃશ્ચિક (ન,ય) :**
જુના સંબંધોમાં યશની વૃધ્ધિ થશે, જીવન સાથી સાથે વ્યવહારમાં અનુકૂળતા રહેશે. કુટુંબમાં વેપાર અથવા નોકરીને કારણે અસંતોષ રહી શકે છે.

**ધન (ભ,ધ,ફ) :** વ્યાપારમાં નવા પ્રસ્તાવ મળશે.કૌટુંબિક સમસ્યાઓનું સમાધાન મળશે. ઉદાર મનથી પરાક્રમ કરો, સફળતા મળવાની શકયતા.

**મકર (ખ,જ) :** અહંકાર અને સ્વાભિમાનમાં તફાવત સમજો. વ્યવસાયમાં તનાવ સમાપ્ત થવાની શકયતા રહેશે.ખાનપાનની ગરબડીથી આરોગ્ય ખરાબ થઇ શકે છે.

**કુંભ (ગ,શ,સ) :** દામ્પત્ય જીવન સરસ રહેશે.આર્થિક સ્થિતિ સારી રહેવાનો યોગ છે તમારા કાર્યમાં સ્પષ્ટતાની કમીને કારણે તમે શંકાના વર્તુળમાં આવી શકો છો.

**મીન (દ,ચ,ઝ,થ) :** વેપાર સંબંધી કાર્યો માટે યાત્રાથી ભાગ્યોદય પવિત્ર તીર્થસ્થાનોની યાત્રા કરશો,શુભ મંગળ પ્રસંગોમાં યાત્રા થશે.

## ફિલ્મી ગપશપ

## 'સિંઘમ અગેઈન'માં ખામીઓ હતી, અજય દેવગનની કબૂલાત

# સિંઘમ અગેઈન ફ્લોપ થયાં બાદ અજય દેવગને મૌન તોડ્યું : સિંઘમના ગુસ્સાનો અભાવ દર્શકોને પસંદ ન આવ્યો



નવી દિલ્હી : અજય દેવગન રોહિત શેટ્ટીની ફિલ્મ 'સિંઘમ અગેઈનમાં ગયાં વર્ષે થિયેટરોમાં રિલીઝ થઈ હતી. ફિલ્મ રિલીઝ પહેલાં ફિલ્મ ખૂબ સારી માનવામાં આવતી હતી અને લોકોને આશા હતી કે આ ફિલ્મ સુપર હીટ જશે પરંતુ આ એકશન થ્રિલર ફિલ્મ બોક્સ ઓફિસ પર કમાલ કરી શકી નહીં.

'સિંઘમ અગેઈન' માં, અજય દેવગન, કરીના કપૂર અને અર્જુન કપૂરે મુખ્ય ભૂમિકા ભજવી હતી, જ્યારે દીપિકા પાદુકોણ, રણવીર સિંહ, ટાઈગર શ્રોફ, અક્ષય કુમાર અને સલમાન ખાને આ ફિલ્મમાં કેમિયો કર્યો હતો. ઘણાં કલાકારો વચ્ચે બાજીરાવ સિંઘમનું પાત્ર થોડું દબાઈ ગયું હતું. તાજેતરમાં, અજય દેવગને ફિલ્મની ખામીઓ પર વાત કરી છે.

અજય દેવગન એક એવોર્ડ્સ શોમાં હતાં આ સમય દરમિયાન, અભિનેતાએ 'સિંઘમ અગેઈન' ની ખામીઓ પર મૌન તોડી નાખ્યું અને આગલી વખતે વધુ સારૂં પ્રદર્શન કરવાની પ્રતિજ્ઞા લીધી હતી. હકીકતમાં, અજય દેવગનને ફિલ્મની નબળાઈ અને તેનાં પાત્રમાં સિંઘમના ગુસ્સાના અભાવ વિશે પૂછવામાં આવ્યું.

ત્યારે અભિનેતાએ કહ્યું કે 'મને લાગે છે કે આ પ્રતિક્રિયા મારી પાસે ઘણાં લોકો તરફથી આવી છે. તેથી હવે અમે કાળજી રાખીશું કે આવતી સિંધમમાં સિંધમનો ગુસ્સો અને બધાને મારવાની તેની સ્ટાઈલને ચોક્કસપણે જાળવી રહે.'

'સિંઘમ અગેઈન' એ રોહિત શેટ્ટીની સિંઘમનો ત્રીજો ભાગ છે. થિયેટરમાં રિલીઝ થયાનાં થોડા મહિના પછી, સિંઘમ અગેઈન હવે એમેઝોન પ્રાઈમ વિડિઓ પર રજૂ કરવામાં આવી છે. સિંઘમ અગેઈનએ ભારતમાં ૨૪૭.૮૫ કરોડની કમાણી કરી હતી.

અજય હવે વાની કપૂર સાથે રેડ-૨માં દેખાશે. તેનું નિર્દેશન રાજકુમાર ગુપ્તા દ્વારા કરવામાં આવ્યું છે અને ભૂષણ કુમાર, કુમાર મંગત પાઠક, અભિષેક પાઠક અને કૃષ્ણ કુમાર દ્વારા બનાવવામાં આવી છે. આ સિવાય, અજય દેવગન સન ઓફ સરદાર-૨ માટે શૂટિંગ કરી રહ્યો છે, આ ફિલ્મમાં, અજય દેવગન અને મૃનાલ ઠાકુરની જોડી જોવા મળશે.

**ત્રીજા અને અંતિમ સ્નાન માટે ભીડ નિયંત્રણ માટે ઝોનલ પ્લાન લાગુ કરાશે : પ્રથમ ભાગદોડના અનુભવમાંથી પ્રશાસને શીખ લીધી : મેળા ક્ષેત્રમાં ભીડ વધશે તો શ્રદ્ધાળુઓને રોકવામાં આવશે : અન્ય જિલ્લાઓના અધિકારીઓ સાથે સમન્વય ચાલુ રહેશે : પાણીમાં કોઈપણ વ્યક્તિને પાંચ મિનિટથી વધુ સમય નહીં રહેવા દેવાય**

# મહાકુંભમાં નાશભાગ બાદ હવે વસંતપંચમીના સ્નાન પર ફોકસ : જડબેસલાક પ્લાન ઘડાયો

પ્રયાગરાજ, તા.૩૧

મહાકુંભમાં તાજેતરમાં મૌની અમાસે ભાગદોડમાં ૩૦ લોકોના મોત અને અનેક લોકોના ઘાયલ થવાની દુર્ઘટના બાદ આવી કોઈ દુર્ઘટના ફરી ન બને તે માટે હવે પ્રશાસનનું ફોકસ વસંત પંચમીના સ્નાન પર છે. ત્યારે ભીડના નિયંત્રણ માટે કુંભમેળા પ્રશાસને પોતાના સ્તરે તૈયારી કરી છે.

મકરસંક્રાંતિએ બેરીકેડ તૂટી હતી. ત્યારબાદ મૌની અમાસે બેરીકેડ તૂટતા દુર્ઘટના સર્જાતા ૩૦ જેટલા શ્રદ્ધાળુઓના મોત થયા હતા. આ દુર્ઘટના બાદ પ્રશાસન માટે હવે ત્રીજા અને અંતિમ અમૃત સ્નાન પડકાર બનશે. આ કસોટી પાર પાડવા મેળા પ્રશાસને તૈયારી કરી છે.

ભીડ નિયંત્રણ માટે વસંત



પંચમીએ ઝોનલ પ્લાન પુરી રીતે લાગુ કરાશે. સાથે સાથે બીજા જિલ્લા સાથે સમન્વય સ્થાપિત કરવામાં આવશે. સંગમ પર ભીડના દબાણ પર રહેશે નજરઃ સંગમ પર ભીડના દબાણ પર ખાસ નજર રખાશે. અર્થાત કોઈ રાત્રે સ્નાન કરશે તો તેને રાત્રે જ મેળામાંથી હટાવાશે.

સાથે સાથે બીજા જિલ્લાઓ સાથે સમન્વય સ્થાપિત કરવામાં આવશે જેવી મેળા ક્ષેત્રમાં ભીડ વધશે તો શહેર અને આસપાસના જિલ્લામાં શ્રદ્ધાળુઓને રોકવામાં આવશે. જયારે મેળા ક્ષેત્ર ખાલી કરવામાં આવશે ત્યારે બધા જિલ્લામાંથી ધીરે ધીરે લોકોને કુંભમેળામાં છોડવામાં આવશે.

આ પ્લાનને મૌની અમાસે લાગુ કરાયેલો પરંતુ દુર્ઘટના બાદ શાસને મોકલેલ પાંચ વિશેષ અધિકારી આઈટ્રીપલસીમાં બનાવવામાં આવેલ કંટ્રોલ રૂમ અને પ્રયાગરાજ જંકશન પર બનાવવામાં આવેલ કંટ્રોલરૂમમાં રહેશે.તેમનું કામ હશે કે તેઓ અન્ય જિલ્લાના ઓફિસરો સાથે સંકલન બનાવી રાખે. આ સાથે નજીકના જિલ્લાના જિલ્લાધિકારીઓને નિર્દેશ આપવામાં આવ્યો છે કે તેઓ પુરો સહયોગ કરે.

સંગમ ઘાતમાં ગુરુવારે બપોર સુધી પોલીસ અધિકારી સતત તૈનાત રહ્યો હતો. સીઆરપીએફની મહિલા ટીમ પણ હતી. જેણે જેમણે ઘાટ પર માનવ સાંકળ બનાવી હતી. જળમાં કોઈને પણ પાંચ મિનિટથી વધારે સમય રોકાવા ન દેવાયા.

આવી જ વ્યવસ્થા વસંત પંચમીના દિવસે કરવામાં આવશે જેથી કોઈપણ સમયે ભીડ રોકાશે નહીં. લોકોને આ રીતે બહાર કાઢવામાં આવશેઃ સંગમ ખાલી થતા જ પરેડ અને પાર્કીંગમાં રોકાયેલા લોકોને ધીરે ધીરે છોડવામાં આવશે. જો સંગમો પર ભીડ રહી તો લોકોને રામ ઘાટ અને કાલી ઘાટમાં સ્નાન કરાવવામાં આવશે.

દરેક સમયે યોગીની નજર હશેઃ હોલ્ડીંગ એરિયાના સીસીટીવીના કેમેરાથી નજર રાખવામાં આવશે જેથી ત્યાંની ભીડનું અનુમાન લગાવી શકાય.

**આરબીઆઈનાં રિપોર્ટમાં સનસનીખેજ ખુલાસો**

# બેક્રો સામે ફરિયાદોનો ઢગલો ; જમા - ઉપાડથી માંડીને અનેક સેવાઓમાં ગ્રાહક થાય છે પરેશાન

**સરકારી બેક્રોમાં પેન્શનની ફરિયાદો વધુ : પેરા બેક્રીંગ સેવામાં પણ ફરિયાદોમાં વધારો : કેવાયસી અપડેટ કરાવવાથી અનેક મામલે ગ્રાહક પરેશાન**

નવી દિલ્હી,તા.૩૧

દેશભરમાં બેક્રીંગ સિસ્ટમ સાથે જોડાયેલી ફરિયાદોમાં ધરખમ વધારો થયો છે.

ખાસ કરીને વડીલોને બેક્રો સાથે જોડાયેલી સમસ્યાઓનો સામનો કરવો પડી રહ્યો છે. તેમને કેવાયસી અપડેટ કરાવવાને લઈને અન્ય પ્રકારની સમસ્યાઓનો સામનો કરવો પડી રહ્યો છે.

બેક્રો દ્વારા જમા અને ઉપાડ ઉપરાંત અપાતી સેવાઓ (વેરા બેક્રીંગ) માં ગ્રાહકો પરેશાન થઈ રહ્યા છે.પેન્શન સાથે જોડાયેલી ૩૯.૫ ટકા અને પેરા બેક્રીંગ સાથે જોડાયેલા મામલામાં ૫૭ ટકાથી વધારો થયો છે.

આરબીઆઈ દ્વારા એકિકૃત લોકપાલ યોજના અંતર્ગત નાણાકીય વર્ષ ૨૩-૨૪ માં નોંધાયેલ ફરિયાદો પર આધારીત રિપોર્ટ જાહેર કરાયો છે



**સરકારી બેક્રોમાં ખાતાનું સંચાલન કરવુ મુશ્કેલ બન્યુ**

**ખાતુ ખોલવાથી માંડીને તેને સંચાલન કરવા સંબંધિત ૪૬૩૫૬ ફરિયાદો તેમાં ૨૪૫૬૮ ફરીયાદો સરકારી બેક્રો સંબંધીત હતી જયારે ૧૫૯૭૩ ફરિયાદો ખાનગી ક્ષેત્રોની બેક્રો સાથે જોડાયેલી હતી. આ ફરિયાદોમાં ૪૩ ટકાનો વધારો થયો હતો.**

જે મુજબ નાણાકીય વર્ષ ૨૨-૨૩ ની તુલનામાં નાણાકીય વર્ષ ૨૩-૨૪ માં ફરિયાદોમાં ૫૩ હજારથી વધુ નોંધાયેલી.

**વન અને પર્યાવરણ વિભાગમાં ઓપરેશન ગંગાજળ**

# રાજ્ય સરકારે ગેરરીતિઓ બદલ વન અને પર્યાવરણ વિભાગના ત્રણ અધિકારીઓને ઘરભેગા કરાયા

ગાંધીનગર,તા.૩૧

રાજ્ય સરકારે વર્ગ-૨ના વધુ ત્રણ અધિકારીને પ્રિમેચ્યોર રિટાયરમેન્ટ આપ્યું છે. ભ્રષ્ટાચાર, ગેરરીતિઓ અને રાજ્યના હિત ન હોય તેવા અત્યાર સુધીમા ૬૦ ઓફિસરો સામે પ્રિમેચ્યોર રિટાયરમેન્ટ હેઠળ કાર્યવાહી થઈ છે.

વન અને પર્યાવરણ વિભાગ (વર્ગ-૨)ના ત્રણ અધિકારીને ગુજરાત સરકારે ચાલુ નોકરીએ ઘરભેગા કર્યા છે.

ગુજરાતના ચીફ સેક્રેટરી રાજકુમાર કાલે વયનિવૃત થઈ રહ્યા છે, તે પહેલા વન- પર્યાવરણ વિભાગે વર્ગ- ૨ના ત્રણ જેટલા ઓફિસરોને ચાલુ નોકરીએ પ્રિમેચ્યોર રિટાયરમેન્ટ આપી ઘરભેગા કરી દીધા છે.



જેમાં મોહમદ મુનાફ ઉસ્માનભાઈ લોખ - મદદનીશ વન સંરક્ષક - રાજકોટ, કચનાભાઈ મૂળજીભાઈ બારીયા - મદદનીશ વન સંરક્ષક - છોટા ઉદેપુર, રશ્મિનભાઈ બશુભાઈ મનસુરી - પરિક્ષેત્ર વન અધિકારી - હિંમતનગરનો સમાવેશ થાય છે.

**કોમનવેલ્થ ગેમ્સ ફેડરેશનના પ્રમુખ સમક્ષ પ્રેઝન્ટેશન રજુ કરી દીધુ : માર્ચ સુધીમાં વિધીવત દરખાસ્ત થશે**

# ગુજરાતને સ્પોર્ટસ હબ બનાવવાની કવાયતઃ ઓલિમ્પિક પૂર્વે ૨૦૩૦ કોમનવેલ્થ ગેમ્સ : ગુજરાત યજમાનીનો દાવો કરશે

**ઓલિમ્પિક માટે અમદાવાદ - ગાંધીનગરમાં તૈયાર થતા સ્પોર્ટસ કોમ્પલેક્સ - ઈન્ફ્રાસ્ટ્રકચરનો ઉપયોગ થશે**

અમદાવાદ,તા.૩૧

ઓલિમ્પિક ૨૦૩૬ ની સુચિત દાવેદારી પૂર્વે ગુજરાત ૨૦૩૦ ના કોમન વેલ્થ ગેમ્સની યજમાની માટે પણ મજબુત દાવો પેશ કરવાની તૈયારી કરી રહ્યું છે. અમદાવાદ તથા ગાંધીનગરમાં નિર્માણ પામી રહેલા વર્લ્ડકલાસ સ્પોર્ટસ કોમ્પ્લેકસ સહિતના ઈન્ફ્રાસ્ટ્રકચરના આધારે કોમનવેલ્થ ગેમ્સ માટેનો દાવો પેશ થઈ શકે છે.

રાજય સરકારનાં ટોપ લેવલનાં સુત્રોએ જણાવ્યું હતું કે, કોમનવેલ્થ ગેમ્સ માટે દાવો કરવાની તૈયાર કરાયેલી દરખાસ્તનું મુખ્યમંત્રી કાર્યાલયમાં



કોમનવેલ્થ ગેમ્સ ફેડરેશનનાં પ્રમુખ કિસ જેક્રીન્સ સમક્ષ પ્રેઝન્ટેશન કરાયું હતુ. આ તકે એથ્લેટીકસ ફેડરેશન ઓફ ઈન્ડિયાનાં અધિકારીઓ પણ હાજર હતા. કોમનવેલ્થ ગેમ્સ યોજવા માટેનો દાવો આગામી માર્ચ સુધીમાં કરી દેવામાં આવશે.રમત ગમત વિભાગનાં સુત્રોએ કહ્યું કે, વિધીવત દાવો રજુ થયા બાદ ૧ એપ્રિલથી ૩૧ ઓગસ્ટ સુધી કોમનવેલ્થ ગેમ્સ ફેડરેશન દ્વારા સાઈટ વિઝીટ કરવામાં આવશે.નવેમ્બર ૨૦૨૫ સુધીમાં આખરી દાવો રજુ કરવાની પ્રક્રિયા છે.

કોમનવેલ્થ ગેમ્સ ફેડરેશનના પ્રમુખને એમ પણ કહેવાયું હતું કે, ૨૦૧૮ ગોલ્ડ કોસ્ટ ગેમ્સ તથા ૨૦૨૨ બર્મીંગહામ ગેમ્સના આયોજન, ઈન્ફ્રાસ્ટ્રકચર તથા સિધ્ધિઓની સમીક્ષા પણ પેશ કરવામાં આવશે.સરદાર વલ્લભભાઈ પટેલ, એનકલેવમાં એકવારીકસ, બોકસીંગ, બાસ્કેટ બોલ, જીમ્નાસ્ટીક, કબડી જેવી સ્પર્ધા થશે.નારણપુરા,કોમ્પલેકસમાં બેડમીગ્ટન, ટેબલ ટેનીસ જુડો, સ્ટેચ્યુ ઓફ યુનિટી, ખાતે બીચ વોલીબોલ, માઉન્ટેન સાયકલીંગ નરેન્દ્ર મોદી સ્ટેડીયમમાં ક્રિકેટ, આઈઆઈટી ગાંધીનગરમાં રોડ સાયકલીંગ હોકી ગુજરાત યુનિવર્સીટીમાં નેટબોલ, શુટીંગ, ટ્રાન્સ સ્ટેડીયામાં રગ્બી, મહાત્મા મંદિરમાં કુશ્તી-વેઈટ લીફટીંગ તથા વિજય ભારત ફાઉન્ડેશનમાં તિરંદાજી શકય બનશે.

# જેઓ સત્યને અનુસરે છે તેઓ તેમના કાર્યોથી પોતાને અમર કરે છે. હિંમત વગર સત્ય સાથે ચાલી શકાતું નથી



**યશપાલસિંહ ટી.વાઘેલા**

**દરબાર ગઢ થરા**




સ્વામી વિવેકાનંદજી કહેતા હતા કે મહાન ત્યાગ વિના મહાન લક્ષ્ય પ્રાપ્ત કરવું શક્ય નથી. જો તમારા જીવનનું ધ્યેય મહાન છે તો એ વિચાર છોડી દો કે તમે ત્યાગ અને સમર્પણ વિના તેને પ્રાપ્ત કરી શકશો. પાયો જેટલો ઊંડો હશે તેટલી ઊંચી અને વધુ ટકાઉ ઈમારત હશે.

મોટા બલિદાન વિના મોટા લક્ષ્યો પ્રાપ્ત થતા નથી. અનેક મારામારી સહન કર્યા પછી પથ્થરની અંદર છુપાયેલ ભગવાનનું સ્વરૂપ દેખાય છે. જો આપણે ટોચ પર પહોંચવું હોય તો રસ્તામાં કાંકરા અને પથરીને કારણે થતી પીડાને ભૂલી જવી પડશે.

સુંદરતાનો અભાવ પણ સારો સ્વભાવ સરભર કરે છે, પરંતુ જો સારા સ્વભાવની ઉણપ હોય તો તેને સુંદરતાથી ક્યારેય પુરી શકાતી નથી. ચહેરાની સુંદરતા પ્રકૃતિ પર નિર્ભર કરે છે પણ પ્રકૃતિની સુંદરતા તમારા વલણ પર આધારિત છે.જ્યારે ચહેરાની સુંદરતા માત્ર આંખોમાં પ્રતિબિંબિત થાય છે,ત્યારે પ્રકૃતિ ની સુંદરતા હૃદય સુધી પહોંચે છે.

માણસ નાખુશ રહે છે કારણ કે તે પોતાનું ઘર, શહેર, દેશ, મિત્રો, સંબંધો બધું જ બદલી નાખે છે પણ સ્વભાવ બદલી શકતો નથી. જીવનનું સત્ય એ છે કે માણસ પોતાના સ્વભાવથી સુખી કે દુઃખી થાય છે.

સારો સ્વભાવ વ્યક્તિને કોઈના દિલમાં ઉતારી દે છે, જ્યારે ખરાબ સ્વભાવ વ્યક્તિને કોઈના દિલમાં ઉતારી દે છે.તેથી, તમારા સ્વભાવ ને નરમ બનાવો જેથી તમારું સમગ્ર જીવન મધુરતાથી ભરાઈ જાય. જેનો સ્વભાવ મધુર હોય છે તેનું જીવન પણ મધુર બને છે.

ચિંતાની સૌથી મોટી આડઅસર એ છે કે ચિંતા કરવાથી આવનારી સમસ્યાનું નિરાકરણ નથી આવતું પરંતુ વર્તમાનની શાંતિને ચોક્કસ પણે ખલેલ પહોંચાડે છે.

જીવનમાં મુશ્કેલીઓ ચોક્કસ આવે છે પરંતુ ચિંતા કરવાથી કોઈ સમસ્યાનું સમાધાન નથી થઈ શકતું.ચિંતા આપણી વિચારવાની ક્ષમતાને અવરોધે છે અને આ અવરોધ આપણા દુઃખનું મૂળ છે. ચિંતા થી પીડિત વ્યક્તિ એક વાર નહિ પણ ઘણી વાર મૃત્યુ પામે છે. તે માત્ર એક જ વાર નહીં પરંતુ જીવનભર બળે છે.

જ્યારે કોઈ પણ સમસ્યા ઊભી થાય છે, ત્યારે તેને ઉકેલવા માટે વિચાર કરવો એ એકમાત્ર શાણો નિર્ણય છે. વિચારશીલ વ્યક્તિ માટે,કોઈક યા બીજી રીત ચોક્કસ પણે મળી જાય છે. તેની પાસે વિવેકબુદ્ધિ છે અને તે સમસ્યાથી ડરતો નથી પરંતુ મક્કમ રહે છે. સમસ્યાનો સામનો કરવો એટલે અડધી સફળતા હાંસલ કરવી.

તેથી, ચિંતામાં નહીં પણ ચિંતનમાં જીવન જીવતા શીખો, કારણ કે જ્યાં ચિંતન છે ત્યાં ચોક્કસ ઉકેલ છે અથવા ચોક્કસ માર્ગ છે.

આદર ક્યારેય છીનવી શકાતો નથી પરંતુ તે સારા સ્વભાવ, સારા વર્તન અને સારા કાર્યો દ્વારા પ્રાપ્ત થાય છે. સમાજમાં જેને પણ સન્માન મળ્યું, તે તેમના ઉત્તમ વ્યક્તિત્વને કારણે જ મળ્યું. સંપત્તિ છીનવીને મેળવી શકાય છે પણ માન કદી મેળવી શકાતુંનથી.

આદરની ઈચ્છા અને આદરને પાત્ર કામ કરવા વચ્ચે ઘણો તફાવત છે. આદરની ઈચ્છા રાખવી એ સારી વાત છે, પરંતુ આદરને પાત્ર કામ કરવાથી પણ વ્યક્તિ ખરેખર આદરનો હકદાર બને છે.

જીવનમાં હંમેશા શ્રેષ્ઠ માર્ગ પર રહો.તમારી ઈમાનદારી પણ તમને સન્માનને પાત્ર બનાવશે. કામમાં કુશળ,વર્તનમાં સૌમ્ય અને સ્વભાવમાં હળવા બનતા શીખો, તો તમારે માન માગવું નહીં પડે, આપોઆપ પ્રાપ્ત થઈ જશે.

જીવનમાં, હંમેશા સત્ય સાથે આગળ વધો, સમય સાથે નહીં. જેઓ પોતાના અંગત હિતોની પરવા કર્યા વિના સત્ય સાથે ચાલવાની હિંમત એકત્ર કરી શકે છે, એક દિવસ સમય પણ તેમની સાથે ચાલવા લાગે છે. સત્ય એ છેકે સત્યના માર્ગે ચાલનારાઓના હાથમાં જ સમય હોય છે.

સમય સાથે ચાલવું સહેલું છે પણ સત્યની સાથે ચાલવું બહુ મુશ્કેલ છે. જેઓ સમયનું પાલન કરે છે તેઓ સમય આવે ત્યારે ભૂલી જાય છે, પરંતુ જેઓ સત્યને અનુસરે છે તેઓ તેમના કાર્યોથી પોતાને અમર કરે છે. હિંમત વગર સત્ય સાથે ચાલી શકાતું નથી. જે હિંમતવાન છે તે સત્યના માર્ગનો પ્રવાસી પણ છે.

સમય સાથે આગળ વધવું એટલે કોઈની વિવેકબુદ્ધિનો ઉપયોગ કર્યા વિના ભીડનો ભાગ બનવું. એક નિર્જીવ શરીર પણ તરંગોની તીવ્ર ગતિને કારણે હલનચલન કરી શકે છે. શસ્ત્રોની તાકાતનું માપ એ પ્રવાહો સામે આગળ વધતી વખતે લક્ષ્ય સુધી પહોંચવાનું છે. સત્યની ઈચ્છા રાખો, સત્યને અનુસરો, તમે અંતિમ સત્ય સુધી પહોંચી જશો.

વાજબી કિંમત ચૂકવ્યા વિના જીવનમાં કંઈપણ પ્રાપ્ત કરી શકાતું નથી. જેમ તમે કોઈ વસ્તુ ખરીદવા માટે બજારમાં જાઓ છો, તો તમને તેની વાજબી કિંમત ચૂકવ્યા પછી જ તે મળે છે.એ જ રીતે, આપણે જીવનમાં જે કંઈ હાંસલ કરીએ છીએ, તેના માટે આપણે કેટલીક કિંમત ચૂકવવી પડશે.અને છેલ્લે આજે આપણે એક વાત સાથે આજના લેખનું સમાપન કરીએ.રાજા પોતાના રાજકવિ કાલિદાસ સાથે ચર્ચામાં મશગૂલ હતા. એકાએક એમની નજર કાલિદાસ પર પડી. દેખાવમાં કાલિદાસ નામ પ્રમાણે હતા એટલે કે શ્યામવર્ણ, નીચા અને સાવ સામાન્ય કહી શકાય તેવા.

રાજે કવિદાસને પૂછ્યું, ×કવિ, તમે મહાન સાહિત્યકાર છો આટલા હોંશિયાર, જ્ઞાની પંડિત છો પરંતુ ભગવાને તમને રૂપ કેમ ન આપ્યું?

કાલિદાસ મૂંઝાયો, પરંત વાત ને વાતમાં રાજાને સીધો જવાબ આપ્યો. શાસ્ત્રોમાં મોટું ભાગ્ય હોય, વાણી ને શક્તિ... એ જમાં શો ભરોસો?

શાસ્ત્રો વાતમાં બંને મહેલ પાસે પહોંચ્યા. કાલિદાસે બે માટલા મંગાવ્યા. એક સાદું માટીનું અને બીજું સોનાનું.બંને માટલામાં પીવાનું પાણી ભરવામાં આવ્યું.

કવિ કાલિદાસે રાજાને પૂછ્યું, "મહારાજ, આમાંથી કયા ઘડાનું પાણી આપને પીવા માટે આપું?"

રાજા કહે, "એમાં વળી પૂછવાનું શું? સોનાના દેગડાનું પાણી તે કાંઈ પીવાય? માટીના માટલાનું પાણી હું પીઉં છું. તે પાણી ઠંડુ હોય છે જીવને ટાઢક થાય.×

કાલિદાસ તો આ જ જવાબની રાહ જોતા હતા. તેમણે કહ્યું, "જેમ પાણીની શીતળતા ઘડાના સૌંદર્ય પર આધારિત નથી તેમ જ માણસની બુદ્ધિનો આધાર એના બાહ્ય દેખાવ, રૂપરંગ પર નથી હોતો. વ્યક્તિની બુદ્ધિ અને ગુણનું મહત્વ છે, રૂપ નહીં. આત્માનું સૌંદર્ય સૌથી મહત્વની બાબત છે, મહારાજ."

વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત આજે બસ અહીં અટકીએ અસ્તુ.

## સ્થાનિક સ્વરાજ્યની ચુંટણી સંદર્ભે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ મહેસાણા દ્વારા જાહેરનામું પ્રસિધ્ધ કરાયુ

# કોઈ પણ ઉમેદવાર કે રાજકીય પક્ષના કાર્યકરો કે રાજકીય પક્ષના વ્યક્તિ કોન્વોયમાં એક સાથે દસ થી વધુ વાહનો ફેરવી શકશે નહી

(ગરવી તાકાત) મહેસાણા તા.૩૧

રાજય ચુંટણી આયોગે જાહેર કરેલ ચુંટણી કાર્યક્રમ મુજબ આગામી નગરપાલિકા સામાન્ય ચૂંટણીઓ-૨૦૨૫ અને જિલ્લા પંચાયત મતદાર મંડળ બેઠકની પેટા ચૂંટણી તથા તાલુકા પંચાયત મતદાર મંડળ બેઠકની પેટા ચૂંટણીઓ તા. ૧૬/૦૨/૨૦૨૫ ના રોજ યોજાનાર છે. ભારતના બંધારણના આર્ટીકલ-૩૨૪ થી ચૂંટણીઓ મુક્ત, ન્યાયી અને શાંતિપૂર્ણ રીતે યોજવા માટે સત્તા, ફરજો અને કાર્યો સુપ્રત કરવામાં આવેલા છે. મહેસાણા જિલ્લામાં ચૂંટણી હેઠળના



વિસ્તારમાં ચૂંટણીની પ્રક્રિયા મુક્ત, ન્યાયી અને શાંતિપૂર્ણ રીતે સંપન્ન કરવાની થાય છે. વધુમાં, ભારતના ચુંટણી આયોગ ધ્વારા ચુંટણીના કાર્યક્રમની જાહેરાત થવાની સાથે ચુંટણીની આદર્શ આચાર સંહિતા લાગુ થાય છે. અને તેનો ચુસ્તતા પૂર્વક અમલ કરાવવાનો થાય છે. આથી, મહેસાણા જિલ્લાના ચૂંટણી હેઠળના વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ તથા જાહેર વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તેમજ જાહેર સુલેહ શાંતિનો ભંગ ન થાય તે સારૂ રાજય ચૂંટણી આયોગની સુચનાઓ મુજબ કોઈપણ સંજોગોમાં કાર અગર અન્ય વાહનોથી બનેલ-૧૦ (દસ) થી વધુ વાહનોના કાફલાની અવર-જવરને નિયંત્રિત કરવાનું યોગ્ય જણાય છે. અત્રેના મહેસાણા જિલ્લામાં આ ચૂંટણીઓ દરમ્યાન ચૂંટણી પ્રચાર કે અન્ય હેતુથી રાજકીય પક્ષો, ઉમેદવારો તથા લોકોના વાહનો જાહેર રસ્તા ઉપર મોટી સંખ્યામાં એક જ સાથે ફરે તો ટ્રાફીક અડચણ ઉભી થાય તેમ છે તેમજ ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન તમામ રાજકીય પક્ષો અને ઉમેદવારો ધ્વારા જાહેર રસ્તા ઉપર મોટા પ્રમાણમાં વાહનોમાં, ગાડીઓમાં સવાર થઈને જવાના કારણે, નાના-વાહનો ઉપર તથા ચાલતા જનાર વ્યક્તિઓ/જાહેર જનતાને અગવડ ઉભી થવા સંભવ છે. જેથી વાહનોના કાફલાની અવર-જવર ઉપર નિયંત્રણ મુકવું જરૂરી જણાતા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણાશ્રી જશવંત કે. જેગોડા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ (૨૨ મો) ની કલમ-૩૩ (૧) (બી) થી તેમને મળેલ સત્તાની રૂએ મહેસાણા જિલ્લાના ચુંટણી હેઠળના વિસ્તારમાં (નગરપાલિકા ખેરાલુ, વડનગર અને ૨૬-મલેકપુર(ખે) જિલ્લા પંચાયત મતદાર મંડળ તથા ૬-ડભોડા-૨, ૭-ડાલીસણા, ૧૦-કુડા જુથ, ૯-મોલીપુર, ૧૪-કુકરવાડા-૧, ૬-જોટાણા-૨, ૧૧-મરતોલી, ૩-અગોલ, ૨૨-નાનીકડી તાલુકા પંચાયત મતદાર મંડળ) આ બાબતો ઉપર પ્રતિબંધ ફરમાવેલ છે.

## સંક્ષિપ્ત સમાચાર

### વડોસણ આરોગ્ય વિભાગ દ્વારા લેપ્રસી શિબિર યોજી



(ગરવી તાકાત) મહેસાણા તા.૩૧

આગામી ૩૦મી જાન્યુઆરીથી ૧૩મી ફેબ્રુઆરી સુધી ''સ્પર્શ લેપ્રસી અવેરનેસ કેમ્પેઈન-૨૦૨૫'' ની થીમ ''ચાલો સૌ સાથે મળીને જાગૃતિ લાવીએ'' ગેરસમજ દુર કરીએના સુત્ર સાથે રક્તપિત્ત અભિયાન ચલાવવાના ભાગરૂપે વડોસણ ગામ જનો માં જન જાગૃતિ કાર્યક્રમ અને શિબિર યોજી.

## પાલનપુરના વાઘણા ગામમાં નિઃશુલ્ક મેડિકલ કેમ્પ

# બનાસ મેડિકલ કોલેજ દ્વારા ૭૦થી વધુ દર્દીઓની વિનામૂલ્યે તપાસ અને સારવાર કરવામાં આવી

(ગરવી તાકાત) પાલનપુર તા.૩૧

બનાસકાંઠા જિલ્લાના પાલનપુર તાલુકાના વાઘણા ગામમાં ગલબાભાઈ નાનજીભાઈ પટેલ ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત બનાસ મેડિકલ કોલેજ મોરિયા અને જનરલ સિવિલ હોસ્પિટલ, પાલનપુરના સંયુક્ત ઉપક્રમે એક નિઃશુલ્ક મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું. ચેરમેન પી.જે. ચૌધરીના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ કેમ્પમાં ફેમિલી આડોપ્શન પ્રોગ્રામ અંતર્ગત ગ્રામજનો અને આસપાસના વિસ્તારના લોકોને વિનામૂલ્યે તબીબી સેવાઓ પૂરી પાડવામાં આવી હતી.



શંકર ભગવાનના મંદિર ખાતે યોજાયેલા આ કેમ્પમાં કોમ્યુનિટી મેડિસિન વિભાગના વડા ડૉ. પુષ્ટિ વાછાણી અને ડૉ. નિતેશ પટેલના નેતૃત્વમાં નિષ્ણાત તબીબી ટીમે સેવાઓ આપી. ડૉ. ધવલ પરીખ સહિતના તબીબો અને નર્સિંગ સ્ટાફ કલાવતી ચૌધરી, અનામિકા ચૌધરી તેમજ સ્જીઉ હીના પટેલ અને ઈન્ટર્ન ડૉક્ટર્સે સક્રિય ભૂમિકા ભજવી હતી.

કેમ્પમાં ૭૦થી વધુ દર્દીઓની વિવિધ રોગોની તપાસ કરી મફત સારવાર આપવામાં આવી. આ કાર્યક્રમને સફળ બનાવવામાં વાઘણા ગામના ડેરી મંત્રી આજુભાઈ દેસાઈ અને પ્રાથમિક શાળાના આચાર્યનો મહત્વપૂર્ણ સહયોગ રહ્યો.

આ પહેલથી ગ્રામીણ વિસ્તારમાં આરોગ્ય સેવાઓને વધુ સુલભ બનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

## અંબાજીમાં બાબા રામદેવ પીરની ભવ્ય શોભાયાત્રા

# મહાસુદ બીજે હજારો ભક્તો ઉમટ્યાં, રાત્રે ભજન સંધ્યા અને ભોજન પ્રસાદનું આયોજન

(ગરવી તાકાત) મહેસાણા તા.૩૧

યાત્રાધામ અંબાજીમાં આજે મહાસુદ બીજના પવિત્ર દિવસે બાબા રામદેવ પીરની ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. ભાટવાસ વિસ્તારમાં આવેલા બાબા રામદેવ પીરના મંદિરથી પ્રારંભ થયેલી આ શોભાયાત્રામાં હજારો ભક્તોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

શોભાયાત્રા અંબાજીના મુખ્ય બજાર વિસ્તારો અને અન્ય મહત્વના માર્ગો પરથી પસાર થઈ હતી. ડીજે સંગીત, બેન્ડ વાજા અને બગીઓની સાથે નીકળેલી આ શોભાયાત્રાએ સમગ્ર અંબાજી નગરીને ભક્તિમય બનાવી દીધું હતું.

શક્તિપીઠ અંબાજી મંદિર, જે દેશ-વિદેશમાં શક્તિ, ભક્તિ અને આસ્થાના ત્રિવેણી સંગમ તરીકે પ્રસિદ્ધ



છે, ત્યાં દરરોજ હજારો માઈભક્તો દર્શનાર્થે આવે છે.

આ વિશેષ દિવસે બાબા રામદેવ પીર મંદિરમાં વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ભોજન ભંડારો દ્વારા પ્રસાદ વિતરણ કરવામાં આવશે. દિવસની પૂર્ણાહુતિ રાત્રે યોજાનારી ભજન સંધ્યાથી થશે, જેમાં પ્રખ્યાત રાજસ્થાની ગાયક કલાકારો ભજનોની રમઝટ બોલાવશે. આ રીતે આધ્યાત્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમોથી સમગ્ર વાતાવરણ ભક્તિમય બની રહ્યું છે.

## નામ ટ્રાન્સફરમાં છીંડા દુર કરવા નિર્ણય

### છટકબારી બંધ : નવી મિલ્કતોમાં પહેલો માલિક બિલ્ડર જ ગણાશે



અમદાવાદ, તા.૩૧

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની રેવન્યુ કમિટીની બેઠકમાં શહેરમાં હવે પછી બનતી નવી મિલકતોમાં બિલ્ડરને જ પહેલો માલિક ગણવા ઠરાવ મંજૂર કરવામાં આવ્યો એ મિલકત વેચાયા પછી ટ્રાન્સફર ફી ભરવા બિલ્ડરો દ્વારા શોધવામાં આવતી છટકબારી બંધ થશે એવો શાસકોએ કર્યો છે.મ્યુનિ.ની રેવન્યુ કમિટીની બેઠક પછી ચેરમેન અનિરૂધ્ધસિંહ ઝાલાએ કહ્યું, મ્યુનિસિપલ કોર્પોરેશનના ટેકસ વિભાગને થતી નામ ટ્રાન્સફર ફીની વિગત ચકાસવામા આવતા પ્રાથમિક તબક્કે એવુ જાણવા મળ્યુ છે કે, ઘણાં ખરા કિસ્સાઓમાં બિલ્ડિંગ યુઝ પરમિશન મેળવતા સમયે જે તે બિલ્ડર દ્વારા ૨૫ કે ૩૦ મિલકતની ટ્રાન્સફર ફી ભરી દેવામાં આવતી હોય છે. પછી મિલકત ખરીદનાર દ્વારા જયારે મિલકત ખરીદવામા આવે તે સમયે નામ ટ્રાન્સફર કરવા માટે ફી ભરવામાં આવતી નહતી.આ બાબતની ગંભીરતાને ધ્યાનમાં લઈને કમિટીએ ઠરાવ કર્યો છે કે, હવે પછી શહેરમાં બનનારી નવી તમામ મિલકત માટે બિલ્ડર જ પહેલો માલિક ગણાશે. હાલમાં મ્યુનિસિપલ કોર્પોરેશનને નામ ટ્રાન્સફર ફી પેટે રૂપિયા ૧૮ કરોડની આવક થાય છે. જેમાં બિલ્ડરને પહેલો માલિક ગણવાના ઠરાવ પછી વધારો થવાથી રૂપિયા ૨૫ કરોડ સુધી આવક પહોંચી શકે એમ છે.

### કૂવા પર આવવાની કેમ ના પાડો છો કહી ખેતમજૂર પર પાઇપોથી હુમલો

હિંમતનગરના દેસાસણમાં અમારા કૂવા પર આવવાની કેમ ના પાડો છો કહી ખેત મજૂરી કરતાં શ્રમિકોને માર મારવા બાબતે ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં ૪ વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવા પામી છે.દેસાસણમાં મૂળ રાજસ્થાન અને હાલ દેસાસણના અશ્વિનભાઈ પટેલના ખેતરમાં કામ કરતાં બંસીલાલ બાબુભાઈ પારગી (૩૦) રહે. દેસાસણ તા.૨૮-૦૧-૨૫ના રોજ રાત્રે સાડા નવ વાગ્યે તેમના બંને ભાઈ રાજુભાઈ અને સહિલભાઈ દેસાસણ ગામમાં આવેલ કરિયાણાની દુકાનમાં કરિયાણું લઈ પરત ખેતર બાજુ આવતા હતા તે દરમિયાન જયદીપ મકવાણા આવી ગયા હતા અને કહ્યું હતું કે અમારા કૂવા ઉપર આવવાની કેમ ના પાડો છો તેમ કહી બંસીલાલ સાથે બોલાચાલી કરી હતી અને જયદીપ મકવાણા સાથેના મંગાભાઈ ચૌહાણ,કરણ પરમાર અને વિશાલ ચૌહાણે અપશબ્દો બોલી અચાનક ઉશ્કેરાઈ જઈને લોખંડના પાઈપ વડે ત્રણેય ભાઈઓને માર મારવાનું ચાલુ કર્યું હતું અને ત્યારબાદ બાઈકને પણ નુકસાન પહોંચાડ્યું હતું. ત્રણેય મજૂરો નાસી ગયા હતા અને બંસીલાલે તેમના શેઠને ફોન કરતાં શેઠનો પુત્ર અશ્વિન પટેલ આવી ખાનગી વાહન મારફતે હિંમતનગર સિવિલ હોસ્પિટલ સારવાર અર્થે લઈ ગયો હતો. ગાંભોઈ પોલીસે જયદીપ ભુપતભાઈ મકવાણા (રહે.દેસાસણ) મંગાભાઈ અમરાભાઈ ચૌહાણ, કરણ વિરભાઈ પરમાર (રહે.સાકરોડિયા) વિશાલ ગટુભાઈ ચૌહાણ (રહે.પુરાલ) વિરુદ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.

### ઈડરની સંધી કોલોનીમાંથી કારની ચોરી થતાં ફરિયાદ

(ગરવી તાકાત) ઈડર તા.૩૧

ઈડરની સંધી કોલોનીમાં પાર્ક કરેલી મારુતિ વેગેનાર કારની રાત્રિ દરમિયાન ચોરી થતાં પોલીસ ફરિયાદ નોંધાઈ હતી.




ઈડર પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી પ્રમાણે કુમુદચંદ્ર ભાઈશંકર સુથાર રહે.ચોરીવાડ પોતાની મારુતિ વેગેનાર સંધી કોલોની ખાતે પાર્ક કરી બોમ્બે કામ અર્થે ગયા હતા. ત્યારે પરત આવી કાર નહીં મળતાં શોધખોળ બાદ અંતે તા.૨૩-૦૧-૨૦૨૫ ની રાત્રિએ મારુતિ વેગેનાર નં જીજે-૦૭-એજી-૩૮૭૨ કાર ચોરી થયા અંગેની ઈડર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

## સાબરકાંઠામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી

# પ્રાંતિજ-ખેડબ્રહ્મામાં ૭ ફોર્મ ભરાયા, 3 નગરપાલિકા અને ૪ તાલુકા પંચાયત બેઠક માટે ૧૬મીએ મતદાન

(ગરવી તાકાત) સાબરકાંઠા તા.૩૧

સાબરકાંઠા જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. જિલ્લામાં ત્રણ નગરપાલિકાની સામાન્ય ચૂંટણી અને ત્રણ તાલુકા પંચાયતની ચાર બેઠકો માટે પેટા ચૂંટણી યોજાનાર છે. ગુરુવારે પ્રાંતિજ નગરપાલિકામાં ત્રણ અને ખેડબ્રહ્મા નગરપાલિકામાં ચાર મળી કુલ સાત ઉમેદવારી પત્રો ભરાયા છે. અત્યાર સુધીમાં કુલ નવ ઉમેદવારી પત્રો ભરાયા છે.

પ્રાંતિજ, તલોદ અને ખેડબ્રહ્મા નગરપાલિકાની સામાન્ય ચૂંટણી યોજાશે. પ્રાંતિજમાં ૬ વોર્ડની ૨૪ બેઠક, તલોદમાં ૬ વોર્ડની ૨૪ બેઠક અને ખેડબ્રહ્મામાં ૭ વોર્ડની ૨૮ બેઠક માટે મતદાન થશે. તાલુકા પંચાયતોમાં વિજયનગરની બાલેટા અને ચિઠોડા (અનુસૂચિત આદિજાતિ), પોશીનાની વીંછી (અનુસૂચિત આદિજાતિ) અને



પ્રાંતિજની ઘડી (બિન અનામત) બેઠક માટે પેટા ચૂંટણી યોજાશે.ચૂંટણી કાર્યક્રમ અનુસાર, ૨૭ જાન્યુઆરીએ જાહેરનામું પ્રસિદ્ધ થયું છે. ઉમેદવારી પત્રો ભરવાની છેલ્લી તારીખ ૧ ફેબ્રુઆરી છે. ૩ ફેબ્રુઆરીએ ફોર્મ ચકાસણી અને ૪ ફેબ્રુઆરી સુધી ઉમેદવારી પાછી ખેંચી શકાશે. ૧૬ ફેબ્રુઆરીએ મતદાન યોજાશે અને ૧૮ ફેબ્રુઆરીએ મતગણતરી થશે. ૨૧ ફેબ્રુઆરી સુધીમાં સમગ્ર ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થશે. હાલ ભાજપ અને કોંગ્રેસ બંને પક્ષો દ્વારા ઉમેદવારોની જાહેરાત કરવામાં આવી નથી.

## આખરે ૧૮ વર્ષે નવો વિકાસ નકશો મંજૂર

# પાલનપુરના વિકાસ અને ટ્રાફિક સમસ્યાના નિરાકરણનો માર્ગ મોકળો, ટાઉન પ્લાનની સ્કીમ અમલમાં મૂકાશે

(ગરવી તાકાત) પાલનપુર તા.૩૧

પાલનપુર નગરપાલિકાના વિકાસ માટે મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. ૨૦૦૪ પછી પ્રથમ વખત નગરપાલિકાનો નવો વિકાસ નકશો સરકાર દ્વારા મંજૂર કરવામાં આવ્યો છે. ૨૦૧૪માં નગરપાલિકાની હદમાં થયેલા વિસ્તરણ બાદ નવા વિસ્તારોને આવરી લેતો આ વિકાસ નકશો અગાઉ બે વખત ટેક્નિકલ કારણોસર નામંજૂર થયો હતો.

નવા મંજૂર થયેલા વિકાસ નકશામાં શહેરની ભૌગોલિક પરિસ્થિતિ, વિકાસની દિશા અને સ્થાનિક જરૂરિયાતોને ધ્યાનમાં રાખવામાં આવી છે. નગરપાલિકા દ્વારા લોકોની વાંધા અરજીઓ મંગાવવામાં આવી હતી અને તે તમામ સૂચનોને ધ્યાનમાં રાખીને આખરી નકશો તૈયાર કરવામાં આવ્યો હતો.




આ મંજૂરી બાદ હવે પાલિકા દ્વારા ટીપી સ્કીમ અમલમાં મૂકવામાં આવશે, જેના અંતર્ગત સૂચિત રસ્તાઓ ખુલ્લા કરવામાં આવશે. આનાથી શહેરમાં ટ્રાફિકની સમસ્યાનું નિરાકરણ આવશે અને શહેરનો સર્વાંગી વિકાસ થશે.ૅ ચેરમેને આ સફળતાનો શ્રેય પોતાની કાર્યકાળની મહેનતને આપ્યો છે અને જણાવ્યું કે તેમના કાર્યકાળ દરમિયાન પાલનપુરવાસીઓને વિકાસનો નકશો મંજૂર કરાવી આપ્યો છે.

આ અંગે ટીપી કમિટીના ચેરમેન કવિતાબેન પ્રજાપતિએ જણાવ્યું હતું કે, આજનો દિવસ પાલનપુરવાસીઓ અંતે ખૂબ જ ખુશીનો દિવસ છે, આનંદનો દિવસ છે. છેલ્લા ઘણા સમયથી આપણા શહેરનો નકશો સરકારમાંથી મંજૂર થયેલ ન હતો. પાછલી બે વખત વિકાસનો નકશો ટેક્નિકલ કારણોસર પરત આવ્યો હતો, ત્યાર બાદ પાલનપુરની ભૌગોલિક પરિસ્થિતિ વિકાસની દિશા સ્થાનિક પરિબળોને ધ્યાનમાં રાખી અમે વિકાસનો નકશો સરકારમાં પરત મોકલ્યો હતો. ત્યારે અમારી સમક્ષ મિત્ર વર્તુળ એન્જિનિયરો અને બિલ્ડરો દ્વારા એક ખુલ્લી ચેલેન્જ હતી કે, તમે તમારા સમયમાં વિકાસનો નકશો મંજૂર કરાવી શકશો નહીં, પરંતુ મેં પણ નક્કી કરેલ હતું. હું મારી ટર્મમાં પાલનપુરવાસીઓને વિકાસનો નકશો સરકારમાંથી મંજૂર કરીને લાવી બતાવીશ. મેં મારી ટીમ સાથે ગાંધીનગર સરકારના વિભાગમાં અધિકારીઓ પ્રમુખો ધારાસભ્ય સાથે ગાંધીનગર રૂબરૂ મુલાકાત લીધી અને એમને મને ખૂબ જ સાથ સહકાર મળ્યો, ક્યાંક મારું પાલનપુર વિકાસથી વંચિત ન રહી જાય. ક્યાંક ગતિશીલ ગુજરાતમાં અન્ય શહેરોમાંથી મારું શહેર પાછું નહીં રહી જાય, તેની મેં સતત ચિંતા કરતા વિકાસનો નકશો ખૂબ ઝડપથી પાસ થાય, એ માટે હું છેલ્લા પાંચ મહિનામાં ખૂબ જ મહેનત કરી છે, ત્યારે આજે ગુજરાત સરકાર દ્વારા નકશો પ્રસિદ્ધ થયેલો છે અને મંજૂર થયેલો છે, તે બદલ હું ગુજરાતના મુખ્યમંત્રી આભાર માનું છું.

### સા.કાં.ના દરેક ગામોમાં રક્તપિત જાગૃતિ અભિયાન અંગે સભા

સાબરકાંઠા જિલ્લા કલેક્ટર રતન કંવર ગઢવીચારણની અધ્યક્ષતામાં સ્પર્શ લેપ્રસી અવેરનેસ કેમ્પેઈન અંગે બેઠક યોજાઈ હતી.આ સ્પર્શ રક્તપિત જાગૃતિ અભિયાન અંતર્ગત જિલ્લાના દરેક ગામમાં ખાસ ગ્રામ સભા યોજાશે અને તેમાં રક્તપિત અંગે જાણકારી અપાશે. તદુપરાંત આ ગ્રામ સભામાં રક્તપિત નાબુદી અંગે પ્રતિજ્ઞા લેવાશે. ત્યારબાદ પખવાડીયા દરમિયાન સંદેશા વ્યવહારની અલગ અલગ રીતે જેમ કે ભીંતસૂત્ર, રેલી, પોસ્ટર, બેનર, સ્કૂલોમાં સ્પર્ધા, ટોક શો, ગ્રામ આરોગ્ય સમિતિની બેઠકમાં ચર્ચા તથા આશા અને આરોગ્ય કાર્યકરોની ગૃહ મુલાકાત દરમિયાન રૂબરૂ લોક જાગૃતિ કરાશે.

## ઈડરના ઈશ્વરપુરામાં દર્દનાક ઘટના:ખેતરની વાડમાં ફસાયેલી ૫ વર્ષીય દીપડીનું મોત, વન વિભાગે કર્યા અંતિમ સંસ્કાર

(ગરવી તાકાત) ઈડર તા.૩૧

સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકામાં વન્યજીવન માટે દુઃખદ ઘટના સામે આવી છે. ઈશ્વરપુરા કંપાની સીમમાં ૨૮ જાન્યુઆરીએ એક ૫ વર્ષીય દીપડી ખેતરની વાડમાં ફસાઈ જતાં તેનું મોત નિપજ્યું હતું.ઘટનાની જાણ થતાં જ ગામના સરપંચે વન વિભાગને માહિતી આપી હતી. વન વિભાગની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને રેસ્ક્યૂ ટીમને પણ બોલાવવામાં આવી હતી. રેસ્ક્યૂ ટીમ જ્યારે સ્થળ પર પહોંચી



ત્યારે દીપડી જીવિત હતી, પરંતુ ગંભીર ઈજાઓને કારણે થોડા સમય બાદ તેનું મૃત્યુ થયું હતું.

ઈડર વન વિભાગના ઈર્ ગોપાલભાઈ પટેલના જણાવ્યા અનુસાર, દીપડી જંગલ વિસ્તારથી ખેતર તરફ જતી વખતે વાડમાં ફસાઈ ગઈ હતી. વન વિભાગે નિયમ મુજબ મૃત દીપડીનો અગ્નિસંસ્કાર કર્યો હતો અને આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આ ઘટના વન્યજીવન અને માનવ વચ્ચેના સંઘર્ષની ગંભીરતા દર્શાવે છે. વન વિભાગ દ્વારા આવી ઘટનાઓ ન બને તે માટે જરૂરી પગલાં લેવામાં આવી રહ્યા છે.

Volume : 10 Issue : 300 Owner, Publishers, Printer & Editor : Prakashbhai R. Chaudhary, At: 5, Sarsavati Society, Nagalpur Highway Road, Mehsana- (N.G) 384002
Place Of Publication : 9, Ambica Complex, S.T. Work Shop Road Near Bhamriya Nala, Didtrict Mehsana • Printed at : GARVI TAKAT OFFSET-5, Ambika Complex, T.B. Road, Mehsana- 384002